*Dr. Kirit Somaiya*
**B.Com, FCA, Ph.D.**
**Ex-Member of Parliament**
*Member, BJP National Executive*
*Vice President, BJP Maharashtra*

**Bharatiya Janata Party**
**भारतीय जनता पार्टी**

***PRESS STATEMENT - FOR FAVOUR OF PUBLICATION***

# મતદાર યાદીમાં બંગલાદેશી-બોગસ વ્યક્તિઓ

મુંબઈ, નવેમ્બર ૨૦૦૮: બંગલાદેશી- બોગસ મતદારોને મતદાર યાદીમાં સ્થાન મળવાનું શરૂ થઈ ચૂક્યું છે. ભાજપી નેતા ડો. કિરીટ સોમૈયાએ આશ્ચર્ય અને આઘાત વ્યક્ત કરતાં જણાવ્યું છે કે બંગલાદેશી- બોગસ મતદારોનાં નામ બાર્કના વિજ્ઞાનીઓની ગૃહનિર્માણ સોસાયટીઓમાં જોવા મળી રહ્યાં છે.

વાશીના સેક્ટરમાં રોહિણી હાઉસિંગ સોસાયટી હવે બેલાપુર મતદારસંઘનો હિસ્સો છે. અહીં પાત્ર મતદારની સંખ્યા આશરે ૬૦ છે. સોસાયટીમાં બાર્કનાં વિજ્ઞાની કુટુંબ રહે છે.

ચૂંટણીપંચ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી મતદાર યાદીમાં આ રોહિણી સોસાયટીમાં બંગલાદેશી- બોગસ મતદારોનાં નામ જોવા મળે છે. આ સોસાયટીના રહેવાસીઓ, વિજ્ઞાનીઓ દ્વારા વારંવાર વિનંતી કરવામાં આવી હતી. આમાંથી એક તો ભારત સરકારના સચિવ છે. આમ છતાં સત્તાવાળાઓએ આંખ આડા કાન કર્યા છે.

હાલમાં ૧૫૧ બેલાપુર મતદારસંઘની પ્રકાશિત કરવામાં આવેલી મતદાર યાદીમાં ભાગ નં. ૧૭માં રોહિણી સોસાયટીના કોઈ રહેવાસીનાં નામ રોહિણી સોસાયટી હેઠળ નથી. આને બદલે તે જ સ્થળે ૯૭ બંગલાદેશી- બોગસ મતદારનાં નામ છે. ભાગ ૧૭માં સિરિયલ ક્રમ ૨૮૦માં અત્તાર રુકસાના છે અને નં. ૩૭૬માં કોયા હસન છે, જે બંગલાદેશી- બોગસ મતદાર છે.

ડો. સોમૈયાએ ફરી એક વાર ચૂંટણીપંચને વિનંતી કરી છે કે બંગલાદેશી- બોગસ મતદારનાં નામ કાઢી નાખવા માટે તાકીદે પગલાં લે અને મતદારયાદીમાં વધુ ઘૂસણખોરી તાકીદે અટકાવે.

***Press Secretary***

**BJP Office :** ● 11, Ashoka Road, New Delhi 110 001

➔**Please Reply :** 9C, Neelam Nagar, Mulund (E), Mumbai 400 081- Tel21639649/21634152
(M)9869220027 ● Fax : 21637432 - Email: kirit@vsnl.in, neelamnagar@rediffmaill.com
Website : www.kiritsomaiya.com